**<u>પુણા ગામ વિસ્તારમાંથી અન્ય વ્યકિતના આઇ.ડી.પુફ ઉપર એક્ટીવ કરેલ સિમકાર્ડનું વેચાણ કરતા મોબાઇલ દુકાનદારને ઝડપી પાડી પ્રિ-એક્ટીવ સિમકાર્ડ કબજે કરતી સુરત શહેર એસ.ઓ.જી.ટીમ.</u>**

ગઇ તા.૨૯/૭/૨૦૧૮ ના રોજ એસ.ઓ.જી.શાખાના પો.સ.ઇ. એસ.એસ.દેસાઇ. તથા એ.એસ.આઇ. દલસુખભાઇ ધનજીભાઇ, અ.હે.કો.અશોકભાઇ નારાયણભાઇ તથા અ.હે.કો. ભરતભાઇ ગોપાળભાઇ તથા અ.હે.કો. દામજીભાઇ ધનજીભાઇ તથા અ.પો.કો. હિરેનભાઇ ભગવાનભાઇ નાઓ સાથે સુરત શહેર વિસ્તારમાં પ્રેટ્રોલીગમાં હતા તે દરમ્યાન એ.એસ.આઇ. દલસુખભાઇ ઉકડભાઇ નાઓને બાતમી હકીકત મળેલ કે "પુણા ગામ ભૈયાનગર વિશ્વકર્મા કોમ્પ્લેક્ષ દુકાન નં.૦૫, સોલંકી મોબાઇલ નામની દુકાનમાં વગતારામ મોડાજી માલી નામનો ઇસમ પોતાના આર્થિક લાભ સારૂ પોતાની દુકાનમાં સીમકાર્ડ આવતા ગ્રાહકોને થમ્પ ડિવાઇસ ઉપર ગ્રાહકોને અંગુઠાના નિશાનની એક કરતા વધારે છાપ લેવડાવી તે આધારે ઓનલાઇન વેરીફિકેશન કરાવી તે ગ્રાહકના આઇ.ડી.નો ઉપયોગ કરી અલગ-અલગ- કંપનીઓના સીમકાર્ડ વેચાણ કરે છે. જે બાતમી આધારે સદરહુ જગ્યાએ રેઇડ કરી આરોપી વગતારામ મોડાજી માલી ઉ.વ-૩૮ રહે. ઘર નં. ૯૯, વિશ્વકર્મા સોસા., ભૈયાનગર, પુણા ગામ, સુરત મુળ વતન ગામ કેશવાણા થાના ઝાલોર (રાજસ્થાન) નાને પકડી પાડી દુકાનમાંથી પ્રિ-એક્ટીવ સીમકાર્ડ નંગ-૩ કિ.રૂ.૧૫૦/- તથા મોબાઇલ ફોન-૦૧ કિ.રૂ.૪૦૦૦/- તથા કેબલ સાથેનું SARFON MORPHO થમ્પ ડિવાઇસ કિ.રૂ.૫૦૦/- તથા અલગ-અલગ પુરૂષોના આઇ.ડી.પ્રુફની ઝેરોક્ષ નકલો નંગ-૭ કિ.રૂ.૦૦/૦૦ પુરૂષના પાસપોર્ટ સાઇઝના ફોટા નંગ-૨ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૪૬૫૦/- ની મતાનો મુદામાલ કબજે કરી આરોપી વિરૂધ્ધમાં ઇ.પી.કો.કલમ ૪૧૯,૪૨૦,૪૬૫,૪૬૮,૪૭૧, મુજબનો ગુનો રજીસ્ટર કરાવી આગળની તપાસ પુણા પો.સ્ટે.ને સોંપેલ છે.